Thursday
23.07.2026
*Volume :11 * Issue No.19

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM Daily

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ગાંધીનગર-સાબરકાંઠા જિલ્લાના રૂ. ૮૧૫ કરોડના વિવિધ વિકાસકામોના ઈ-લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત સંપન્ન

## સાદરા ખાતે ૮૯ કરોડના ખર્ચે સાબરમતી નદી પર બનેલા નવા બ્રિજ અને ચરાડા ખાતે સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રનું લોકાર્પણ

**-:કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિત શાહ:-**

- ‘વિકસિત ગુજરાત’ના માધ્યમથી જ સાકાર થશે ૨૦૪૭નું ‘વિકસિત ભારત’
- માણસા અને પ્રાંતિજ ક્ષેત્રમાં વિકાસની ગંગા અવિરત વહેતી રહેશે. ૮૧૭ કરોડના પ્રકલ્પો જનતાને અર્પિત
- સાબરમતી નદી પરના બેરેજ નિર્માણથી જળસ્તર ઊંચા આવશે, ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિ વધશે
- સાહિત્યકાર રઘુવીર ચૌધરીજીના નામે નિર્માણ પામેલું સંસ્કાર ભવન આવનારી પેઢીઓ માટે પ્રેરણાસ્ત્રોત બનશે






**મુખ્યમંત્રીશ્રી**

- વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી વિકાસ હવે માત્ર શહેરો સુધી સીમિત ન રહેતા ગામડાંના ગરીબ, વંચિત અને છેવાડાના લોકોના ઘર સુધી પહોંચ્યો છે
- જ્યાં રસ્તો બને છે ત્યાં રોજગારી આવે છે, જ્યાં આરોગ્ય કેન્દ્ર બને છે ત્યાં જીવનની સુરક્ષા વધે છે અને જ્યાં શિક્ષણની સુવિધા વધે છે ત્યાં ભવિષ્ય ઉજ્જવળ અને વિકાસમય બને છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને શ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વ્યાપક વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયું છે.
- ‘પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના’એ ગ્રામીણ ભારતની તસવીર સંપૂર્ણપણે બદલી નાખી છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામ વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્, ગાંધીનગર

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગર લોકસભા મતવિસ્તારના સાંસદ શ્રી અમિતભાઈ શાહે રૂ. ૮૧૫ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું વર્ચ્યુઅલ માધ્યમથી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિત શાહે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ નાગરિકોને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી વિકાસની ગંગા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પૂરજોશમાં આગળ વધી રહી છે. માણસા અને પ્રાંતિજ મતક્ષેત્રના વિકાસ માટે લગભગ ૮૧૭ કરોડના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે, ૮૯ કરોડના ખર્ચે નિર્માણ પામેલા અલુવા- સાદરા બ્રિજથી જક્ષિણી માતાજીના મંદિર આસપાસના વિસ્તારમાં પર્યટનને વેગ મળશે અને સ્થાનિકો, વિદ્યાર્થીઓ તથા શ્રદ્ધાળુઓ માટે યાતાયાત સુગમ બનશે. સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રથી આસપાસના લગભગ ૧ લાખથી વધુ ગરીબ અને સામાન્ય નાગરિકોને ૨૪ કલાક ડાયાલિસિસ, ઓપરેશન થિયેટર, NICU અને અદ્યતન તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થશે. તેમણે ઉમેર્યું હતું કે, માણસાના રાણીયાપુર ખાતે સામુદાયિક ભવન, અલકાપુરી ખાતે ESR વોટર ટાંકી અને બાપુપુરા ગામ ખાતે સંસ્કાર ભવન ટ્રસ્ટના સુસજ્જ બિલ્ડિંગનું લોકાર્પણ કરતા નાગરિક સુખાકારીમાં ઉમેરો થશે. માણસા અને ચરાડાનું નામ દેશભરમાં રોશન કરનારા પદ્મશ્રી તથા જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પ્રખ્યાત સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીના યોગદાનને બિરદાવતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, એક સામાન્ય પશુપાલક અને ખેડૂત પરિવારમાંથી આવીને સાહિત્ય જગતમાં સિદ્ધિ મેળવ્યા પછી પણ તેમની વિનમ્રતા અકબંધ રહી છે. તેમના નામે નિર્માણ પામેલું સંસ્કાર ભવન આવનારી પેઢીઓ માટે પ્રેરણાસ્ત્રોત બનશે. સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સાબરમતી નદી પર બે મોટા બેરેજ નિર્માણ પામશે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, આ બેરેજના નિર્માણથી ચરાડા, માણસા, રિદ્રોલ સહિતના વિસ્તારોમાં સાબરમતી નદીનું પાણી ૮ મહિના સુધી સંગ્રહિત રહેશે. પરિણામે, વિસ્તારમાં ઝડપથી નીચે જઈ રહેલા ભૂગર્ભ જળસ્તરમાં ૫ થી ૧૦ ફૂટ સુધીનો મોટો સુધારો થશે. ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિ વધશે તેમજ પર્યટન અને વન્યજીવ સંરક્ષણને પણ બળ મળશે. માણસા પંથકના લોકોને સ્વાસ્થ્ય સેવાઓ માટે ગાંધીનગર જવું ન પડે તે માટે અદ્યતન સિવિલ હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે, જેની સાથે આસપાસના સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રો સંકલિત થઈને શ્રેષ્ઠ મેડિકલ સારવાર આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ‘વિકસિત ગુજરાત’ના માધ્યમથી જ વડાપ્રધાનશ્રીનું ૨૦૪૭ સુધીમાં ’વિકસિત ભારત’ બનાવવાનું સ્વપ્ન સાકાર થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત સતત અગ્રેસર રહ્યું છે અને છેલ્લા ૧૨ વર્ષોમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રામ વિકાસ, શિક્ષણ, આરોગ્ય અને કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી વિકાસ હવે માત્ર શહેરો સુધી સીમિત ન રહેતા ગામડાંના ગરીબ, વંચિત અને છેવાડાના લોકોના ઘર સુધી પહોંચ્યો છે. વિકાસ માત્ર ઈંટ-સિમેન્ટના માળખાં પૂરતો મર્યાદિત નથી, પરંતુ લોકોના જીવનમાં સુવિધા, સુરક્ષા અને સમૃદ્ધિ લાવવાનું સશક્ત માધ્યમ છે. અલુવા અને સાદરાને જોડતા બ્રિજનું ઈ-લોકાર્પણ થયું છે તે લોકોના વિશ્વાસનો સેતુ બનશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અલુવા, સાદરા સહિત આસપાસના ગામોના હજારો પરિવારોને સરળ, ઝડપી અને સુરક્ષિત મુસાફરીની સુવિધા મળશે. ખેડૂતોને કૃષિ પેદાશો બજારમાં પહોંચાડવામાં સરળતા થશે, વિદ્યાર્થીઓને શિક્ષણ માટે અને દર્દીઓને આરોગ્ય સેવાઓ માટે ઝડપી અવરજવરનો લાભ મળશે. આ ઉપરાંત, આરોગ્ય, જળસંચય, શિક્ષણ અને સામાજિક સુવિધાઓને લગતા અનેક વિકાસકાર્યોનું પણ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું તેનો પણ મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, જ્યાં રસ્તો બને છે ત્યાં રોજગારી આવે છે, જ્યાં આરોગ્ય કેન્દ્ર બને છે ત્યાં જીવનની સુરક્ષા વધે છે અને જ્યાં શિક્ષણની સુવિધા વધે છે ત્યાં ભવિષ્ય ઉજ્જવળ અને વિકાસમય બને છે.

પર્યાવરણ પ્રત્યેની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને શ્રી અમિતભાઈ શાહની પ્રેરણાથી ગાંધીનગર લોકસભા વિસ્તારમાં વ્યાપક વૃક્ષારોપણ અભિયાન હાથ ધરાયું છે. તાજેતરમાં સવા કરોડ જેટલા વૃક્ષોનું વાવેતર તેમજ મિયાવાકી પદ્ધતિથી એક જ કલાકમાં લાખો વૃક્ષોનું વાવેતર કરીને હરિયાળા વિકાસની પ્રતિબદ્ધતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. દેશમાં છેલ્લા પાછલા ૧૨ વર્ષોમાં રોડ, રેલ અને એર કનેક્ટિવિટીમાં થયેલી અભૂતપૂર્વ પ્રગતિની વિગતો આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાએ ગ્રામીણ ભારતની તસવીર સંપૂર્ણપણે બદલી નાખી છે. આ રસ્તાઓએ ગરીબ ભાઈ-બહેનોના જીવનમાં વિકાસની નવી ગતિ લાવી દીધી છે. શ્રી અમિતભાઈ શાહનો ગાંધીનગર લોકસભા મતવિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત માર્ગદર્શન અને પ્રતિબદ્ધતા બદલ પણ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. આ વિકાસકાર્યો આવનારી પેઢીઓ માટે પ્રગતિનો મજબૂત પાયો બનવાની સાથે હજારો પરિવારોના જીવનમાં સુવિધા, સુરક્ષા અને સમૃદ્ધિનો નવો અધ્યાય લખશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિકારી સુધારાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ૧.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત PHC-CHC કેન્દ્રો અને સિવિલ હોસ્પિટલ ખાતે મૂક-બધિર બાળકો માટે ૮ થી ૧૦ લાખના ખર્ચે થતી નિ:શુલ્ક કોકિલયર ઈમ્પ્લાન્ટ સર્જરી છેવાડાના માનવી સુધી પહોંચી રહી છે. આ ઉપરાંત, રાજ્યની ૧૨,૦૦૦ થી વધુ હોસ્પિટલોમાં વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવીને બિનઉપયોગી સામાન હટાવી ૧,૮૦૦ રૂમ દર્દીઓની સુવિધા માટે પુનઃ કાર્યરત કરાયા છે. ’આરોગ્ય મંદિર, જળ મંદિર અને વૃક્ષ મંદિર’ના ખ્યાલ સાથે સરકાર ભાવી પેઢીના સ્વાસ્થ્ય અને પર્યાવરણ જતન માટે પૂર્ણ પ્રતિબદ્ધ છે. ખેડૂતો અને જળસંચયની યોજનાઓ વિશે જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના વિઝનથી શરૂ થયેલી ’સૌની યોજના’ અને વિશ્વના સૌથી મોટા અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન નેટવર્ક દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ખેડૂતો અને પશુપાલકો સુધી પાણી પહોંચાડવામાં આવ્યું છે. ભૂતકાળમાં ૧૮% વ્યાજે ધિરાણ લેતા ખેડૂતોને આજે ?૩ લાખ સુધીનું ધિરાણ ૦% વ્યાજે મળી રહ્યું છે, તેમજ ૧.૭૭ લાખના ખર્ચે તૈયાર થતું વીજ કનેક્શન માત્ર ?૧૦૦માં અને આદિવાસી વિસ્તારોમાં ૧,૩૫૦માં પૂરું પાડવામાં આવે છે. મંત્રીશ્રીએ ‘વસુધૈવ કુટુંબકમ્’ અને રાષ્ટ્રવાદની ભાવના સાથે સૌ નાગરિકોને સ્વચ્છતા તથા પર્યાવરણ જતનના સંકલ્પ સાથે વિકાસયાત્રામાં સહભાગી થવા આહવાન કર્યું હતું.

આ અવસરે જળસંપત્તિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વર્ષો પહેલાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો વિસ્તાર મુખ્યત્વે વરસાદ આધારિત ખેતી પર નિર્ભર હતો, પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશી અને દ્રઢ ઈચ્છાશક્તિના પરિણામે નર્મદાના નીર સુકી ધરતી સુધી પહોંચતા જમીન બારેમાસ હરિયાળી અને ખેતીલાયક બની છે. અમદાવાદ અને ઉત્તર ગુજરાત માટે જીવાદોરી સમાન સાબરમતી નદી પર બનેલા ધરોઈ ડેમના કારણે આશરે ૯૮,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ અને પીવાના પાણીનો લાભ મળ્યો છે. જો કે, ધરોઈથી ખંભાતના અખાત સુધીના ૧૯૦ કિલોમીટરના વિસ્તારમાં પૂરતા આડબંધ ન હોવાથી ચોમાસામાં વહી જતું પાણી સંગ્રહી શકાતું નહોતુ. આ નદીને પુન:જીવિત કરવા અને સતત પાણી પૂરું પાડવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારનો પાણી પુરવઠા અને સિંચાઈ વિભાગ સતત કાર્યરત છે. જેના ભાગરૂપે આજરોજ સાબરમતી નદી પર હીરાક ગામે રૂપિયા ૪૧૩.૬૩ કરોડના બેરેજ અને રખિયાલ બેરેજના રૂપિયા ૩૦૨.૫૧ કરોડ મળીને કુલ ૭૧૬.૧૪ કરોડ રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત કરાયું છે. ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી નિતિનભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રીનાબેન પટેલ, ધારાસભ્ય શ્રી જે. એસ. પટેલ, શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, માણસા નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી જ્યોત્સનાબેન વાઘેલા, માણસા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ભરતસિંહ રાઠોડ, ગાંધીનગર જિલ્લા પ્રભારી શ્રી રમેશભાઈ સોલંકી, ગાંધીનગર જિલ્લા પક્ષ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, માણસા શહેર પ્રમુખ શ્રી શશિકાંતભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચૌધરી, માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી પી. આર. પટેલિયા, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સચિવ શ્રી પી. સી. વ્યાસ, કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલે, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જાસ્મીન ઉપસ્થિત રહ્યા હતા.



# ‘નશામુકત ગુજરાત’ માટે ગુજરાત સરકારનું મોટું પગલુ

## તમામ ૩૪ જિલ્લા હોસ્પિટલોમાં શરૂ થશે ૧૫ બેડના ડી-એડિક્શન સેન્ટર



**રૂ. ૧૪.૯૦ કરોડના ખર્ચને મંજૂરી; હવે પોતાના જિલ્લામાં જ મળશે સારવાર, કાઉન્સેલિંગ અને પુનર્વસનની સુવિધા**


કમલમ્,

રાજ્યમાં નશા-મુક્તિની લડતને વધુ મજબૂત બનાવતા ગુજરાત સરકારે તમામ ૩૪ જિલ્લા હોસ્પિટલોમાં ૧૫ બેડ ક્ષમતાવાળા ડી-એડિક્શન સેન્ટરો (નશામુક્તિ કેન્દ્રો) શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૪.૯૦ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી અત્યાર સુધી વિશેષ સારવાર માટે મોટા શહેરોનો સહારો લેતા નશાના વ્યસનથી અસરગ્રસ્ત લોકોને હવે પોતાના જિલ્લામાં જ સારવાર, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્ય સેવાઓ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ થશે. દરેક કેન્દ્રમાં નશાની લતમાંથી મુક્તિ માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ડિટોક્સ સારવાર, ડી-એડિક્શન થેરાપી, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્યસેવા, પરિવાર પરામર્શ અને પુનર્વસન જેવી સર્વગ્રાહી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. ઉપરાંત, ઈન-પેશન્ટ (IPD) અને આઉટ-પેશન્ટ (OPD) બંને પ્રકારની સેવાઓ પણ શરૂ કરવામાં આવશે. દરેક કેન્દ્રમાં તબીબો, નર્સિંગ સ્ટાફ, કાઉન્સેલર, મનોવિજ્ઞાનીઓ અને અન્ય પ્રશિક્ષિત કર્મચારીઓની ટીમ કાર્યરત રહેશે, જેથી દર્દીને એક જ સ્થળે સર્વાંગી સારવાર મળી શકે. નશો માત્ર વ્યક્તિ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને અસર કરે છે. તેથી નવી વ્યવસ્થા હેઠળ દર્દીને વ્યસન-મુક્ત કરવાની સાથે તેને ફરી સામાન્ય અને સ્વાભિમાની જીવન જીવવા સક્ષમ બનાવવાનો પણ પ્રયાસ કરવામાં આવશે. યોજનાના અમલીકરણમાં પારદર્શિતા જળવાય તે માટે જરૂરી સાધનોની ખરીદી ચેસ પોર્ટલ મારફતે કરવામાં આવશે. ઉપરાંત કામગીરીનું નિયમિત મોનીટરિંગ, સોશિયલ ઓડિટ અને થર્ડ પાર્ટી વેરિફિકેશન પણ હાથ ધરાશે. ગુજરાત સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં નશાના ગેરકાયદે વેપાર સામે કડક કાર્યવાહી સાથે વ્યસનથી અસરગ્રસ્તોના પુનર્વસન પર પણ ભાર મૂક્યો છે. તમામ જિલ્લા હોસ્પિટલોમાં ડી-એડિક્શન સેન્ટરો શરૂ કરવાનો નિર્ણય આ અભિગમને વધુ મજબૂત બનાવશે. સમયસર સારવાર અને યોગ્ય માર્ગદર્શનથી નશાગ્રસ્ત વ્યક્તિઓને નવું જીવન મળશે, પરિવારોનો આર્થિક અને માનસિક બોજ ઘટશે અને વ્યસનમુક્ત સમાજના નિર્માણને વેગ મળશે.

# કોવિડ-૧૯ દરમિયાન ફરજ પર મૃત્યુ પામનારા GSRTCનાં ડ્રાઈવર, કંડક્ટરો સહિત ૧૧૫ કર્મચારીઓના પરિવારજનોને રૂ. ૨૫-૨૫ લાખની સહાય ચૂકવાશે

**કોવિડ-૧૯ મહામારી દરમિયાન વર્ષ ૨૦૨૦–૨૧માં GSRTCએ ગુજરાતમાં રહેતા પ્રવાસી શ્રમિકો અને મજૂરોને તેમના વતન સુધી સુરક્ષિત પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કોર્પોરેશને ત્રણ રાજ્યોમાં ૨૨,૯૫૩ ટ્રિપ્સનું સંચાલન કરીને કુલ ૬,૯૯,૩૫૭ મુસાફરોને તેમના વતન સુધી પહોંચાડ્યા હતા: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**

**કોવિડ-૧૯ મહામારીમાં GSRTCના કુલ ૧૧૫ કર્મચારીઓ ફરજ દરમિયાન કોરોનાગ્રસ્ત થયા જીવ ગુમાવ્યો હતો; જેમાં ૩૯ ડ્રાઇવર, ૩૧ કંડક્ટર, ૨૯ વહીવટી કર્મચારીઓ અને ૧૬ મિકેનિકનો સમાવેશ થાય છે. મૃત્યુ પામનાર દરેક કોરોના વોરિયરને ૨૫ લાખની સહાય ચૂકવાશે**



કમલમ્,

કોરોના મહામારી દરમિયાન નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતાં કોવિડ સંક્રમણના કારણે જીવ ગુમાવનારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) ના ૧૧૫ કર્મચારીઓના પરિવારોને રૂ. ૨૫ લાખની એક્સ-ગ્રેશિયા સહાયના ચેકનું વિતરણ ૨૭ જુલાઈના રોજ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૧ સ્થિત નર્મદા હોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં કરવામાં આવશે. આ પહેલ હેઠળ કુલ રૂ. ૨૮.૭૫ કરોડની આર્થિક સહાય આપવામાં આવશે, જે ગુજરાત સરકારની કર્મચારીઓના પરિવારો પ્રત્યેની સંવેદનશીલતા અને કોરોના જેવી વિકટ પરિસ્થિતિમાં જાહેર સેવા આપનારા કર્મચારીઓના યોગદાનને સન્માનિત કરવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. રાજ્યના જાહેર પરિવહનની કરોડરજ્જુ સમાન GSRTC દરરોજ ૮,૦૦૦થી વધુ બસોનું સંચાલન કરે છે. દરરોજ ૩૪ લાખ કિલોમીટરથી વધુનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવા પૂરી પાડે છે. કોર્પોરેશનના ડ્રાઈવરો, કંડક્ટરો અને મિકેનિકો રાજ્યમાં જાહેર પરિવહન વ્યવસ્થાને સતત કાર્યરત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "કોવિડ-૧૯ મહામારી દરમિયાન વર્ષ ૨૦૨૦–૨૧માં GSRTCએ ગુજરાતમાં રહેતા પ્રવાસી શ્રમિકો અને મજૂરોને તેમના વતન સુધી સુરક્ષિત પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કોર્પોરેશને ત્રણ રાજ્યોમાં ૨૨,૯૫૩ ટ્રિપ્સનું સંચાલન કરીને કુલ ૬,૯૯,૩૫૭ મુસાફરોને તેમના વતન સુધી પહોંચાડ્યા હતા." શ્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, આ વિશાળ રાહત કામગીરી દરમિયાન અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ફરજ બજાવતાં કોવિડ-૧૯થી સંક્રમિત થયા હતા અને કુલ ૧૧૫ કર્મચારીઓએ જીવ ગુમાવ્યો હતો. મૃત્યુ પામનારાઓમાં ૩૯ ડ્રાઈવર, ૩૧ કંડક્ટર, ૨૯ વહીવટી કર્મચારીઓ અને ૧૬ મિકેનિકનો સમાવેશ થાય છે, જે દર્શાવે છે કે કોર્પોરેશનના વિવિધ વર્ગના કોરોના વોરિયરોએ આ મહામારી સામે લડતમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, "ફરજ દરમિયાન કોવિડ સંક્રમિત થયેલા કર્મચારીઓની ઓળખ માટે કોર્પોરેશન દ્વારા રચાયેલી સમિતિએ વિગતવાર ચકાસણી કર્યા બાદ પાત્ર દરેક કર્મચારીના કાયદેસરના વારસદારોને રૂ. ૨૫ લાખની આર્થિક સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મૃત્યુ પામેલા GSRTC કર્મચારીઓના પરિવારોને આર્થિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે. આ સહાય કોર્પોરેશનના કોરોના વોરિયર્સની નિષ્ઠા, સેવા અને બલિદાનને અર્પિત શ્રદ્ધાંજલિ સમાન છે." ઉલ્લેખનીય છે કે, કોવિડ ૧૯ ફરજ દરમિયાન રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓના મૃત્યુના કિસ્સામાં તેમને કોરોના વોરિયર ગણીને તેમના પરિવારજનોને આ સહાય ચૂકવવા પરિપત્ર થયેલો હતો. પરંતુ GSRTC નિગમ હોવાથી તેમના પરિવારજનોને આ સહાયનો લાભ મળવા અંગે આંટીઘૂંટી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ખૂબ જ સંવેદના સાથે આ મુદ્દાને ધ્યાનમાં લઈને તેનો રસ્તો નીકળ્યો અને ડ્રાઈવર કંડક્ટર સહિત ૧૧૫ કર્મચારીઓને કોરોના વોરિયર ગણવા અને તેમના પરિવારને પણ રૂ. ૨૫ લાખની સહાય ચૂકવવા મહત્વનો નિર્ણય લીધો.

## તંત્રી સ્થાનેથી......

ડેન્ગ્યુના નિવારણ અને નિયંત્રણ માટે ભારતના પ્રયાસોને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલા તરીકે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળના સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) એ ટાકેડા જીએમબીએચ (Takeda GmbH), જર્મની દ્વારા ઉત્પાદિત અને મેસર્સ ટાકેડા બાયોફાર્માસ્યુટિકલ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આયાત કરવામાં આવનાર ડેન્ગ્યુ ટેટ્રાવાલેન્ટ વેક્સિન (લાઈવ, એટેન્યુએટેડ) – ક્યુડેન્ગા® (Qdenga®) ને માર્કેટિંગ ઓથોરાઈઝેશન આપ્યું છે. દેશમાં ડેન્ગ્યુ રોગના નિવારણ માટે મંજૂર કરવામાં આવેલી આ પ્રથમ ડેન્ગ્યુ રસી છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ અને ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ની જોગવાઈઓ અનુસાર રસીની ગુણવત્તા, સુરક્ષા અને અસરકારકતાના વ્યાપક વૈજ્ઞાનિક મૂલ્યાંકન પછી આ મંજૂરી આપવામાં આવી છે. ક્યુડેન્ગા એ રિકોમ્બિનન્ટ ડીએનએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવેલી લાઈવ, એટેન્યુએટેડ ટેટ્રાવાલેન્ટ ડેન્ગ્યુ રસી છે. આ રસી વેરો કોષોમાં ઉત્પન્ન થાય છે, જેમાં સેરોટાઈપ-વિશિષ્ટ સરફેસ પ્રોટીનને એન્કોડ કરતા જનીનોને ડેન્ગ્યુ વાયરસ ટાઈપ-૨ બેકબોનમાં એન્જિનિયર્ડ કરવામાં આવે છે. આ પ્રોડક્ટમાં જિનેટિકલી મોડિફાઈડ ઓર્ગેનિઝમ્સ (GMOs) સમાવિષ્ટ છે. તેને પુનઃરચના માટે ફ્રીઝ-ડ્રાઈડ પાઉડર તરીકે સપ્લાય કરવામાં આવે છે અને તેને ત્વચાની નીચે આપવામાં આવે છે. આ રસી ૪ થી ૬૦ વર્ષની વયના વ્યક્તિઓમાં ડેન્ગ્યુ રોગના નિવારણ માટે સૂચવવામાં આવી છે. શિડ્યુઅલ મુજબ ભલામણ કરેલ ઈમ્યુનાઈઝેશનમાં ૦.૫ મિલીના બે ડોઝનો સમાવેશ થાય છે, જે ત્રણ મહિનાના અંતરાલે (૦ અને ૩ મહિને) આપવામાં આવે છે. ડેન્ગ્યુ-એન્ડેમિક (સ્થાનિક) અને નોન-એન્ડેમિક બંને પ્રદેશોમાં રસીની સુરક્ષા, ઈમ્યુનોજેનિસિટી અને અસરકારકતાનું મૂલ્યાંકન કરતા એક વ્યાપક વૈશ્વિક ક્લિનિકલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા જનરેટ કરાયેલા પુરાવાઓ દ્વારા આ મંજૂરીને સમર્થન મળ્યું છે. બ્રાઝિલ, થાઈલેન્ડ અને શ્રીલંકા સહિત આઠથી વધુ દેશોના સહભાગીઓમાં ક્લિનિકલ અભ્યાસ હાથ ધરવામાં આવ્યા હતા. આ મૂલ્યાંકનમાં ૪ થી ૬૦ વર્ષની વયના વ્યક્તિઓને આવરી લેતી ભારતીય વસતીમાં હાથ ધરવામાં આવેલ મુખ્ય તબક્કા III સુરક્ષા અને ઈમ્યુનોજેનિસિટી અભ્યાસનો પણ સમાવેશ થાય છે. આ રસીને યુરોપિયન યુનિયન, યુનાઈટેડ કિંગડમ, સ્વિટ્ઝર્લેન્ડ, ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડ સહિત ૪૨ દેશોમાં પહેલાથી જ નિયમનકારી મંજૂરી મળી ચૂકી છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાની પ્રીક્વોલિફિકેશન પણ પ્રાપ્ત થઈ છે. વૈશ્વિક સ્તરે, આ રસીના ૨.૪ કરોડથી વધુ ડોઝનું વિતરણ કરવામાં આવ્યું છે. જે દેશોમાં આ રસીનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યાંના પોસ્ટ-માર્કેટિંગ સર્વેલન્સ ડેટાએ અનુકૂળ સુરક્ષા પ્રોફાઈલ દર્શાવી છે, જેમાં કોઈ નોંધપાત્ર સુરક્ષા ચિંતાઓ ઓળખવામાં આવી નથી. દેશની પ્રથમ ડેન્ગ્યુ રસીની મંજૂરી એ ડેન્ગ્યુ સામે ભારતના જાહેર આરોગ્ય પ્રતિભાવમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ અમલમાં મૂકવામાં આવી રહેલા ચાલુ વેક્ટર કંટ્રોલ, સર્વેલન્સ, પ્રારંભિક નિદાન અને કેસ મેનેજમેન્ટના પગલાંઓને પૂરક બનાવશે તેવી અપેક્ષા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય મજબૂત અને વિજ્ઞાન-આધારિત નિયમનકારી માળખા દ્વારા સુરક્ષિત, અસરકારક અને ગુણવત્તા-સુનિશ્ચિત રસીઓ અને દવાઓની સમયસર પહોંચ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# અમદાવાદમાં 'International Symposium on Transparency of Election- Political Parties as Concurrent Auditers'નું આયોજન

### આ પરિસંવાદ લોકશાહીના મૂલ્યોને વધુ મજબૂતી આપશેઃ Atty. Jovencio G. Balanquit- ફિલિપાઈન્સ



**દેશના વિવિધ રાજ્યો તથા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓની ભાગીદારીને કારણે આ પરિસંવાદથી ચૂંટણી પારદર્શિતાના વિવિધ મોડલ અને વ્યવહારુ અનુભવોનો સમન્વય સર્જાયો**

**યુવા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા વિશે જાગૃતતા સાથે ચૂંટણીમાં મતદાન કરી તેમની ભાગીદારી નોંધાવેઃ શ્રી નવીન મહાજન- CEO, રાજસ્થાન**

### દેશ-વિદેશના ચૂંટણી અધિકારીઓ, નિષ્ણાતો અને કાયદા ક્ષેત્રના અગ્રણીઓનું આંતરરાષ્ટ્રીય ચર્ચામંચ બન્યું નિરમા યુનિવર્સિટી પરિસર

કમલમ્,

લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા, વિશ્વસનીયતા અને જવાબદેહીને વધુ સુદ્દઢ બનાવવાના ઉદ્દેશ સાથે મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાતની કચેરી દ્વારા ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ નિરમા યુનિવર્સિટી, અમદાવાદ ખાતે "Electoral Transparency: Political Parties as Concurrent Auditors" વિષય પર આંતરરાષ્ટ્રીય વિષયક પરિસંવાદ (Thematic Symposium) યોજાયો હતો. આ પરિસંવાદનું આયોજન મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટ (IIIDEM), નવી દિલ્હી સહિતની સંસ્થાઓના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી સંદીપ સાગળે IAS, રાજસ્થાનના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી નવીન મહાજન, IAS, આણંદના કલેકટર શ્રી પ્રવીણ ચૌધરી, IAS, શ્રી રીકેશ પટેલ, IAS તેમજ ફિલિપાઈન્સના ચૂંટણી વ્યવસ્થાપન ક્ષેત્રના પ્રતિનિધિઓ Atty. Jovencio G. Balanquit તથા Atty. Zennia S. Ledesma ઉપસ્થિત રહ્યા હતા. પરિસંવાદના પ્રારંભ સત્રમાં છ્ઁઅ. Jovencio G. Balanquit એ પોતાના સંબોધનમાં વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં ચૂંટણીના સતત અને સફળ આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા. ફિલિપિન્સ અને ભારતની લોકશાહીની સામ્યતા દર્શાવતા તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી દરમિયાન મતદારયાદીની વિશ્વસનીયતા, મતદાન અને મતગણતરી દરમિયાન રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરી, ચૂંટણી કાયદાના ભંગ સામે અસરકારક કાર્યવાહી, ચૂંટણીતંત્ર દ્વારા નવીનત્તમ ટેકનોલોજીનો સ્વીકાર અને અમલીકરણ ખૂબ જરૂરી છે. ચૂંટણી ઓથોરિટી એકલી જ સંપૂર્ણ પારદર્શિતા લાવી શકતી નથી. રાજકીય પક્ષો, નાગરિક સંગઠનો અને મીડિયા આ પ્રક્રિયામાં 'વોચડોગ' અને ઓડિટર તરીકે કામ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત અને ફિલિપિન્સ બંને દેશો દરેક મતદારના મતનું મૂલ્ય અને મહત્વ સમજે છે. ડિજિટલ/ઓટોમેટેડ સિસ્ટમ હોય કે પરંપરાગત (મેન્યુઅલ) પદ્ધતિ, ચૂંટણીના તમામ તબક્કામાં પારદર્શિતા જાળવવી અનિવાર્ય છે. જો ચૂંટણી પ્રક્રિયા પારદર્શક ન હોય, તો લોકોનો વિશ્વાસ ઘટે છે અને લોકશાહી નબળી પડે છે. આજનો પરિસંવાદ લોકશાહીના મૂલ્યોને વધુ મજબૂતી આપશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. તેઓશ્રીએ ગુજરાતીમાં 'નમસ્કાર' સાથે સંબોધનનો આરંભ અને 'આભાર' સાથે પોતાનું સંબોધન પૂર્ણ કર્યું હતું. રાજસ્થાનના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી નવીન મહાજને જણાવ્યું હતું કે, ભારતમાં ચૂંટણીઓ દરમિયાન મુખ્ય ત્રણ તબક્કાઓ મતદારયાદીની તૈયારી, મતદાન અને મતગણતરી અર્થાત પરિણામના ત્રણેય તબક્કામાં રાજકીય પક્ષોના BLA, પોલિંગ એજન્ટ અને ઉમેદવારના પ્રતિનિધિની સામેલગીરી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતાની સાબિતી આપે છે. તેમણે ઉમેર્યું કે ભારતના ચૂંટણીપંચ દ્વારા દેશભરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાયુજ્ય સાધીને સાથે આ પ્રકારના અર્થસભર આયોજનો કરવામાં આવે છે. જેથી યુવા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા વિશે જાગૃતતા સાથે ચૂંટણીમાં મતદાન કરી તેમની ભાગીદારી નોંધાવે. તેમણે પરિસંવાદના વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી. આ ઉપરાંત તેમણે વિષય પસંદગી અને સફળ આયોજન બદલ CEO ગુજરાતની ટીમ તેમજ નિરમા યુનિવર્સિટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ તકે ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી સંદીપ સાગળેએ જણાવ્યું હતું કે, આ પરિસંવાદ દરમિયાન પાંચ મહત્વપૂર્ણ વિષય પર અલગ-અલગ સત્રોમાં ગહન ચર્ચા કરવામાં આવી છે. તેમાં સંસ્થાકીય માળખું, તટસ્થતા અને રાજકીય પક્ષ આધારિત દેખરેખ- સમગ્ર ચૂંટણીચક્ર દરમિયાન ચકાસણીની સાતત્યતા અને તેમાં રહેલી ખામીઓ-પારદર્શિતા, વિશ્વાસ અને રાજકીયકરણનું જોખમ-ટેક્નોલોજી આધારિત ચૂંટણી વ્યવસ્થામાં છેditability તેમજ નિરીક્ષણથી જવાબદેહી સુધીની પ્રક્રિયા જેવા સમકાલીન અને મહત્વપૂર્ણ વિષયોનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યુ હતું કે, આધુનિક ચૂંટણી વ્યવસ્થામાં ટેક્નોલોજીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઈલેક્ટ્રોનિક મતદાન પ્રણાલી, ડિજિટલ મતદાર યાદીઓ, પરિણામ વ્યવસ્થાપન અને ડેટા આધારિત ચૂંટણી પ્રક્રિયાઓએ ચૂંટણી સંચાલનમાં નવી તકો ઊભી કરી છે, તો સાથે સાથે ચકાસણીક્ષમતા, સાયબર સુરક્ષા અને જાહેર વિશ્વાસ જેવા નવા પડકારો પણ સામે આવ્યા છે. આવા સંજોગોમાં ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ, રાજકીય પક્ષો, કાયદા નિષ્ણાતો, શિક્ષણવિદો અને અન્ય હિતધારકો વચ્ચે સંવાદ અને અનુભવોનું આદાન-પ્રદાન વધુ મહત્વપૂર્ણ બન્યું છે. તેમણે જણાવ્યું હતું કે, દેશના વિવિધ રાજ્યો તથા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓની ભાગીદારીને કારણે આ પરિસંવાદથી ચૂંટણી પારદર્શિતાના વિવિધ મોડલ અને વ્યવહારુ અનુભવોનો સમન્વય સર્જાયો છે. ખાસ કરીને ફિલિપાઈન્સના પ્રતિનિધિઓના આંતરરાષ્ટ્રીય અનુભવો, વિવિધ રાજ્યોના ચૂંટણી અધિકારીઓના વ્યવહારુ અનુભવો અને દેશની કાયદા યુનિવર્સિટીઓના શૈક્ષણિક તથા કાનૂની દષ્ટિકોણના સમન્વયથી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદેહી વધુ મજબૂત બનાવવા અંગે વ્યાપક ચર્ચા કરવામાં આવી છે. તેમણે યુવાનોને લોકશાહીનો આધાર સ્તંભ ગણાવી ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બનવા આહવાન પણ કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાંથી પ્રાપ્ત થનારા વિચારો, અનુભવો અને નિષ્ણાતોના સૂચનો દ્વારા ચૂંટણી પારદર્શિતાની હાલની વ્યવસ્થાઓની વધુ સારી સમજ વિકસાવવા, ઉભરતા પડકારો અને તકોની ઓળખ કરવા, વિવિધ ચૂંટણી વ્યવસ્થાઓની શ્રેષ્ઠ પ્રથાઓનું દસ્તાવેજીકરણ કરવા તથા પુરાવા આધારિત નીતિ વિષયક ભલામણો વિકસાવવામાં મદદ મળશે. આ વિચારમંથન ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા, જવાબદેહી અને જનવિશ્વાસને વધુ સુદૃઢ કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ પરિસંવાદમાં વિવિધ ચર્ચાસત્રોમાં દેશની વિવિધ પ્રતિષ્ઠિત કાયદા યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ (Vice-Chancellors), રજિસ્ટ્રાર, શિક્ષણવિદો, સંશોધકો, કાયદાક્ષેત્રના નિષ્ણાતો તથા ચૂંટણી વ્યવસ્થાપન સાથે સંકળાયેલા અધિકારીઓ તથા વરિષ્ઠ પત્રકારો પણ સામેલ થયા હતા. તદુપરાંત ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ નિરમા યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કે.કે. પટેલ, INLUના ડીન અને ડિરેક્ટર ડૉ. માધુરી પરીખ, નિરમા યુનિવર્સિટીના ડી.જી. ડૉ. આર.એન.પટેલ, યુનિવર્સિટીના સિનિયર પ્રોફેસર્સ, ફેકલ્ટી મેમ્બર્સ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ICMRએ કેન્સર અને ચેપી રોગોની સારવારમાં સુધારો કરવા માટે ત્રણ સ્વદેશી બાયોમેડિકલ ટેકનોલોજીનું હસ્તાંતરણ કર્યું

### વધુ વિકાસ માટે હસ્તાંતરિત કરાયેલી ટેક્નોલોજીઓમાં SH$^{a}$A2 એન્ટિ-HPV ઉમેદવાર અને બે એન્ટરિક રસીઓનો સમાવેશ



કમલમ્,

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ, તેની મેડિકલ ઈનોવેશન્સ પેટન્ટ મિત્ર પહેલ હેઠળ, વધુ વિકાસ, ઉત્પાદન અને વ્યાપારીકરણ માટે અગ્રણી ભારતીય ફાર્માસ્યુટિકલ અને વેક્સીન ઉત્પાદકોને ત્રણ સ્વદેશી બાયોમેડિકલ ટેકનોલોજીના લાયસન્સની સુવિધા પૂરી પાડી હતી. આ ટેકનોલોજીઓમાં સર્વિકલ ઈન્ટ્રાએપિથેલિયલ નેઓપ્લાસિયા (CIN) ની સારવાર માટે એક નવતર એન્ટી-HPV ઉપચારાત્મક કેન્ડીડેટ SH$^{a}$A2 સામેલ છે, જે એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડને લાયસન્સ આપવામાં આવી છે, અને ICMR–નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રિસર્ચ ઈન બેક્ટેરિયલ ઈન્ફેક્શન્સ (ICMR-NIRBI), કોલકાતા ખાતે વિકસાવવામાં આવેલી એન્ટેરિક બેક્ટેરિયલ ચેપ સામેની બે નેક્સ્ટ-જનરેશન રસી ટેકનોલોજી, જે બાયોલોજિકલ ઈ લિમિટેડને લાયસન્સ આપવામાં આવી છે. આ ટેકનોલોજી ટ્રાન્સફર જાહેર ભંડોળથી થતા સંશોધનને પોસાય તેવા આરોગ્યસંભાળ ઉકેલોમાં રૂપાંતરિત કરવાને વેગ આપવા અને ભારતના બાયોમેડિકલ ઈનોવેશન ઈકોસિસ્ટમને મજબૂત કરવા તરફનું બીજું એક મહત્વપૂર્ણ પગલું છે. ડૉ. શોકત હુસૈન, ICMR નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેન્સર પ્રિવેન્શન એન્ડ રિસર્ચ (ICMR-NICPR) અને ડૉ. ડોરિસ એમ. બેનબ્રુક, સ્ટીફન્સન કેન્સર સેન્ટર, યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમા, USA વચ્ચેના સહયોગ દ્વારા વિકસાવવામાં આવેલ SH$^{a}$A2, એ તેના વર્ગનું પ્રથમ ટાર્ગેટેડ થેરાપ્યુટિક કેન્ડીડેટ છે જે તંદુરસ્ત કોષોને નુકસાન પહોંચાડ્યા વિના HPV-પ્રેરિત પ્રી-કેન્સરસ અને સર્વિકલ કેન્સરના કોષોને પસંદગીપૂર્વક દૂર કરે છે. આ ટેકનોલોજી સર્વિકલ કેન્સર માટે સુરક્ષિત, પોસાય તેવો અને ન્યૂનતમ આક્રમક સારવાર વિકલ્પ પૂરો પાડવાની ક્ષમતા ધરાવે છે. SH$^{a}$A2, ICMR નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેન્સર પ્રિવેન્શન એન્ડ રિસર્ચ (ICMR-NICPR) ના ડૉ. શોકત હુસૈન અને અમેરિકાની યુનિવર્સિટી ઓફ ઓક્લાહોમાના સ્ટીફન્સન કેન્સર સેન્ટરના ડૉ. ડોરિસ એમ. બેનબ્રુક વચ્ચેના સહયોગ દ્વારા વિકસાવવામાં આવ્યું છે, તે એક પ્રથમ-વર્ગના લક્ષિત ઉપચારાત્મક ઉમેદવાર છે જે સ્વસ્થ કોષોને બચાવતી વખતે HPV-પ્રેરિત પ્રીકેન્સરસ અને સર્વાઈકલ કેન્સર કોષોને પસંદગીયુક્ત રીતે દૂર કરે છે. આ ટેકનોલોજી સર્વાઈકલ કેન્સર માટે સલામત, સસ્તું અને ન્યૂનતમ આક્રમક સારવાર વિકલ્પ પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. ICMR–નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર રિસર્ચ ઈન બેક્ટેરિયલ ઈન્ફેક્શન્સ (ICMR-NIRBI) ના ડૉ. સંતસબુજ દાસ અને તેમની ટીમ દ્વારા વિકસાવવામાં આવેલી બે રસી ટેકનોલોજીમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:

આશાસ્પદ નેક્સ્ટ-જનરેશન ટાઈફોઈડ રસી કેન્ડીડેટ તરીકે સાલ્મોનેલા ટાઈફી આઉટર મેમ્બ્રેન પ્રોટીન ધરાવતું એક ફ્યુઝન કન્સ્ટ્રક્ટ.

સાલ્મોનેલા ટાઈફી/પેરાટાઈફી અને શિગેલા ચેપ સામે પુનઃસંયોજિત (રિકોમ્બિનન્ટ) રસીનું સંયોજન, જે મુખ્ય એન્ટેરિક બેક્ટેરિયલ રોગકારકો સામે વ્યાપક રક્ષણ પૂરું પાડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

સાથે મળીને, આ ટેકનોલોજીઓ કેન્સર નિવારણ અને ચેપી રોગ નિયંત્રણમાં ભારતના પ્રયાસોને મજબૂત કરવાની સાથે નેક્સ્ટ-જનરેશન થેરાપ્યુટિક્સ અને રસીઓના સ્વદેશી વિકાસને આગળ ધપાવવાની ક્ષમતા ધરાવે છે.

DHRના સચિવ અને ICMRના ડાયરેક્ટર જનરલ ડૉ. રાજીવ બહલે જણાવ્યું હતું કે, "ICMR એ સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે કે જાહેર ભંડોળથી થતું સંશોધન એવા ઉત્પાદનોમા રૂપાંતરિત થાય જે આરોગ્યના પરિણામોમાં સુધારો કરે. મેડિકલ ઈનોવેશન્સ પેટન્ટ મિત્ર જેવી પહેલો દ્વારા, અમે સંશોધકો અને ઉદ્યોગો વચ્ચે ભાગીદારી પ્રોત્સાહિત કરીને વૈજ્ઞાનિક શોધથી લઈને વ્યાપારીકરણ સુધીના માર્ગને મજબૂત બનાવી રહ્યા છીએ. આ ટેકનોલોજી ટ્રાન્સફર ભારતના બાયોમેડિકલ ઈનોવેશન ઈકોસિસ્ટમની વધતી પરિપક્વતા દર્શાવે છે અને આરોગ્યસંભાળ નવીનતામાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા તરફનું બીજું એક પગલું રજૂ કરે છે." ભારતની સર્વોચ્ચ બાયોમેડિકલ સંશોધન સંસ્થા તરીકે, ICMRએ એક સંકલિત ઈનોવેશન ઈકોસિસ્ટમ સ્થાપિત કરી છે જે ઈનોવેશનના તમામ તબક્કાઓ - શોધ અને બૌદ્ધિક સંપદા સંરક્ષણથી લઈને ક્લિનિકલ વેલિડેશન, રેગ્યુલેટરી સુવિધા અને વ્યાપારીકરણ સુધી આરોગ્યસંભાળ ટેકનોલોજીઓને ટેકો આપે છે. મેડિકલ ઈનોવેશન્સ પેટન્ટ મિત્ર દ્વારા, ઈનોવેટર્સને પેટન્ટ ફાઈલિંગ, ટેકનોલોજી ટ્રાન્સફર અને લાયસન્સિંગ માટે માળખાગત ટેકો મળે છે, જ્યારે મેડટેક મિત્ર સ્વદેશી તબીબી ટેકનોલોજી માટે નિયમનકારી માર્ગદર્શન, ક્લિનિકલ મૂલ્યાંકન અને બજાર પહોંચ સુગમ બનાવે છે. આ ટેકનોલોજીઓનું લાયસન્સિંગ ભારતના બાયોમેડિકલ ઈનોવેશન ઈકોસિસ્ટમની વધતી જતી શક્તિને દર્શાવે છે, જ્યાં વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા, વ્યૂહરચનાત્મક સહયોગ અને ઉદ્યોગ ભાગીદારી ભારત અને વિશ્વ માટે પોસાય તેવા, ઉચ્ચ ગુણવત્તાવાળા આરોગ્યસંભાળ ઉકેલોને સક્ષમ બનાવી રહ્યા છે.

# વડોદરાની સ્વરાંજલિ મ્યુઝિક એકેડમી 'ઈન્ડિયન આઈડલ'ના સેમિ-ફાઈનલમાં ઝળકી ગુજરાતનું ગૌરવ વધાર્યું

### ભારતના ટોચના સિંગિંગ રિયાલિટી શોમાં પરફોર્મ કરવા માટે આમંત્રિત ગુજરાતનું એકમાત્ર ગ્રુપ



કમલમ્, વડોદરા,

વડોદરા સ્થિત સ્વરાંજલિ મ્યુઝિક એકેડમીએ ભારતના ટોચના સિંગિંગ રિયાલિટી શો પૈકીના એક એવા 'ઈન્ડિયન આઈડલ'ના સેમિ-ફાઈનલમાં પરફોર્મ કરવાનું ખાસ આમંત્રણ મેળવીને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી છે. આ પ્રતિષ્ઠિત મંચ માટે પસંદગી પામનાર ગુજરાતનું એકમાત્ર ગ્રુપ બનીને એકેડમીએ દેશભરના દર્શકો સમક્ષ રાજ્યની સમૃદ્ધ સંગીત પ્રતિભાનું પ્રદર્શન કર્યું છે અને વડોદરા સહિત ગુજરાત માટે ગૌરવની ક્ષણ સર્જી છે. આ સિદ્ધિમાં વધુ એક સરસ ઉમેરો કરતાં, સ્વરાંજલિ મ્યુઝિક એકેડમીના ૧૨ પ્રતિભાશાળી ગાયકોએ સેમિ-ફાઈનલ એપિસોડ દરમિયાન ઈન્ડિયન આઈડલના સ્પર્ધક તનિષ્ક શુક્લા સાથે એક ખાસ ડ્યુએટ રજૂ કર્યું હતું. અમારા માટે આ ખૂબ જ ગૌરવની ક્ષણ હતી કારણ કે અમે મહાન અભિનેત્રી હેમા માલિનીજીની ઈન્ડસ્ટ્રીમાં ૬૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નિમિત્તે તેમની સમક્ષ પરફોર્મ કરી રહ્યા હતા. અમે આ શોમાં પરફોર્મ કરવા માટે આમંત્રિત ૪૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓનું એકમાત્ર ગ્રુપ હતા.

અને આવા ભવ્ય મંચ પર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને અમને ખૂબ આનંદ થયો. જજ તરફથી મળેલી પ્રશંસા અમારા માટે આજીવન યાદગાર બની રહેશે." - મીનાક્ષી મન્હાસ, સ્થાપક, સ્વરાંજલિ મ્યુઝિક એકેડમી મીનાક્ષી મન્હાસે વધુમાં જણાવ્યું કે, શરૂઆતમાં તેમને આવેલો પહેલો કોલ એક ફેક કોલ લાગ્યો હતો, પરંતુ બાદમાં તેમણે આ ક્ષણને ગ્રુપ માટે જીવન બદલી નાખનારો વળાંક ગણાવ્યો હતો. તેઓ સૌ મુંબઈ ગયા, સ્પર્ધકો સાથે અને અભિનેત્રી હેમા માલિની સહિતના આદરણીય જજો સમક્ષ પરફોર્મ કર્યું. મીનાક્ષીજીએ આને જીવનની એક શ્રેષ્ઠ ક્ષણ અને તેમના ગ્રુપની મહિલાઓ માટે પોતાના સપના પૂરા કરવાની એક મોટી છલાંગ ગણાવી હતી. આ નોંધપાત્ર સિદ્ધિ સંગીત ક્ષેત્રે ઉત્કૃષ્ટતા કેળવવા માટેની એકેડમીની સમર્પણ ભાવના દર્શાવે છે અને ગુજરાતના સાંસ્કૃતિક તેમજ પ્રદર્શન કળા જગત માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સમાન છે. આ ગ્રુપ તમામ મહિલાઓને બહાર આવીને આત્મવિશ્વાસ સાથે પોતાના સપના પૂરા કરવા માટે વિનંતી કરે છે.

# પી. એમ. શ્રી શાળા જ્વાહર નવોદય વિદ્યાલય રૂપનગર ખાતે ૫૩મા રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૬નું આયોજન




કમલમ્, ભરૂચ

પી એમ શ્રી શાળા જવાહર નવોદય વિદ્યાલય રૂપનગર ખાતે ૫૩મા રાષ્ટ્રીય બાલ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૬નું ઉત્સાહસભર વાતાવરણમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન પ્રદર્શનમાં કુલ ૧૬ જવાહર નવોદય વિદ્યાલયોના બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકોએ સક્રિયપણે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઝઘડિયા પ્રાંતના શ્રી પી. બી. વલવાઈ મુખ્ય અતિથિ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દીપ પ્રાગટ્ય કરીને પ્રદર્શનનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. શ્રી પી. બી. વલવાઈ એ વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક વિચાર, સર્જનાત્મકતા અને તાર્કિક વિચારસરણીની મુક્ત મને પ્રશંસા કરી હતી. ૧૬ વિદ્યાલયોમાંથી આવેલા વિદ્યાર્થીઓએ પર્યાવરણ સંરક્ષણ, પુનઃપ્રાપ્ય ઊર્જા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સ્માર્ટ એગ્રીકલ્ચર અને વેસ્ટ મેનેજમેન્ટને લગતા વિવિધ વિજ્ઞાન મોડેલો પ્રદર્શિત કર્યા હતા. નિષ્ણાતોની ટીમે દરેક સ્ટોલની મુલાકાત લઈ બાળ વૈજ્ઞાનિકો સાથે વાતચીત કરી હતી અને તેમના પ્રકલ્પોની ઝીણવટભરી વિગતો મેળવી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર આયોજન સફળ બનાવવામાં વિદ્યાલયના પ્રાચાર્યશ્રી રીતેશ કુમાર ચૌધરી અને ઉપ પ્રાચાર્યશ્રી મનીષ કુમાર જોષી તેમજ શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનો બહુમૂલ્ય સહયોગ રહ્યો હતો.

# સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર - ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ

### ડેમની વર્તમાન સપાટી પર સતત નિરીક્ષણથી લઈને વીજ પુનઃસ્થાપન સહિતની કામગીરી માટે સ્ટેટ કંટ્રોલ રૂમ કાર્યરત



કમલમ્,

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને આજે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC), ગાંધીનગર ખાતે રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વોચ ગ્રુપ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા દરમિયાન વરસાદી પરિસ્થિતિ સામે નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન માટેની વહીવટી તંત્રની પૂર્વતૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાએ તમામ સંબંધિત વિભાગો પાસેથી માહિતી મેળવીને આ વિભાગોને પરસ્પર સુદ્રઢ સંકલન જાળવવા અનુરોધ કર્યો હતો. તેમણે કોઈપણ કટોકટી વખતે સ્ટેટ કંટ્રોલ રૂમને તરત જાણ કરવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા સેટેલાઈટ ઈમેજરી અને અદ્યતન પૂર્વાનુમાનના આધારે રાજ્યમાં દક્ષિણ ગુજરાત સહિત જ્યાં પણ ભારે વરસાદની શક્યતા છે, તેવા તમામ વિસ્તારો પર કંટ્રોલ રૂમ દ્વારા ૨૪ કલાક સતત નજર રાખવામાં આવી રહી છે. રાહત અને બચાવ કામગીરી સંદર્ભે પૂર્વતૈયારીની વિગતો આપતા તેમણે કહ્યું કે, આપાતકાલીન સ્થિતિમાં બચાવ અને રાહત કામગીરી ઝડપથી થઈ શકે તે માટે NDRF અને SDRFની ટુકડીઓને જરૂરી તમામ સાધન-સામગ્રી સાથે સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને અરબી સમુદ્રમાં સર્જાયેલી હવામાન સિસ્ટમના કારણે આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલ તા. ૨૨ જુલાઈના રોજ દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. તા. ૨૨ અને ૨૩ જુલાઈના રોજ ઉત્તર અને મધ્ય ગુજરાતના અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, નર્મદા, સુરત, ડાંગ અને તાપી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ખૂબ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. તા. ૨૪ જુલાઈના રોજ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને મહીસાગર તેમજ દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. રાહત કમિશનરશ્રીએ એમ પણ જણાવ્યું હતુ કે, માળખાકીય સુવિધાઓ અને જળાશયોની સલામતી માટે આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ જ જળસંપત્તિ અને સિંચાઈ વિભાગ દ્વારા રાજ્યના મુખ્ય ડેમની વર્તમાન સપાટી પર સતત નિરીક્ષણ રાખવામાં આવી રહ્યું છે. શ્રી મકવાણાએ ઉમેર્યું કે, વરસાદના કારણે જો રસ્તાઓ બંધ થાય ત્યારે વાહનવ્યવહાર ચાલુ રાખવા માટે માર્ગ અને મકાન વિભાગને વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા માટેની સૂચના આપવામાં આવી છે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું કે, ઊર્જા વિભાગે વીજ પુરવઠો ખોરવાય તો તેને લઘુત્તમ સમયમાં પુનઃસ્થાપિત કરવા ઈમરજન્સી ટીમો સ્ટેન્ડબાય રાખી છે. આ બેઠકમાં NDRF, SDRF, કોસ્ટગાર્ડ, નેવી, આરોગ્ય, વન, કૃષિ અને મહેસૂલ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કૃષિ મંત્રાલયની સાપ્તાહિક સમીક્ષા બેઠકમાં ખાતર, બિયારણ, ચોમાસુ અને અલ નીનોની સ્થિતિની સમીક્ષા કરાઈ

## દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સમગ્ર દેશમાં છવાઈ ગયું, ખરીફ પાકની વાવણી માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ

### શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોને ખાતરની સમયસર ઉપલબ્ધતા અને વિતરણ વ્યવસ્થામાં કોઈપણ અછતનું ઝડપી નિવારણ સુનિશ્ચિત કરવા જણાવ્યું



**કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે સંવેદનશીલ જિલ્લાઓમાં કૃષિ પ્રવૃત્તિઓનું સતત મોનિટરિંગ કરવા નિર્દેશ આપ્યા**

કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે ખરીફ પાકની વાવણીની પ્રગતિ, અલ નીનોની અસર અને ચોમાસાની વર્તમાન સ્થિતિ, અપૂરતા વરસાદવાળા સંવેદનશીલ જિલ્લાઓની સ્થિતિ, ખાતર અને બિયારણની ઉપલબ્ધતા, જળાશયોમાં પાણીના સંગ્રહ વગેરેનું મૂલ્યાંકન કરવા માટે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે અધિકારીઓને ઓછો વરસાદ ધરાવતા વિસ્તારો પર ખાસ નજર રાખવા અને રાજ્યો સાથે સતત સંકલન જાળવી રાખવા નિર્દેશ આપ્યો હતો. બેઠક દરમિયાન માહિતી આપવામાં આવી હતી કે ૧૭ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં દેશમાં ખરીફ પાકનો કુલ વાવણી વિસ્તાર ૬૫૮.૧૯ લાખ હેક્ટર નોંધાયો છે. જોકે ગયા વર્ષની સરખામણીમાં કુલ વાવણી વિસ્તારમાં ઘટાડો થયો છે, પરંતુ ઘણા રાજ્યોમાં ડાંગર, કઠોળ અને અન્ય પાકો હેઠળની વાવણીમાં સકારાત્મક પ્રગતિ જોવા મળી છે. શ્રી શિવરાજ સિંહ ચૌહાણે નિર્દેશ આપ્યો હતો કે કઠોળ, તેલીબિયાં અને કપાસ મિશનો દ્વારા રાજ્ય સરકારો સાથે સાપ્તાહિક સમીક્ષા બેઠકોનું આયોજન કરવું જોઈએ અને ક્ષેત્ર સ્તરેથી મળેલા પ્રતિસાદના આધારે ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવી જોઈએ. બેઠકમાં, ભારતીય હવામાન વિભાગ (IMD) ની અગાઉથી આગાહીઓ, સંભવિત અલ નીનો સ્થિતિ અને વરસાદના દ્રષ્ટિકોણથી દેશભરના ૨૭૦ સંવેદનશીલ જિલ્લાઓની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન ચોમાસા અને વરસાદની સ્થિતિ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. વિવિધ રાજ્યોમાં વરસાદની સ્થિતિ, ઓછા અને વધુ વરસાદવાળા વિસ્તારો, પાકની વાવણીની પ્રગતિ અને NDVI (નોર્મલાઈઝ્ડ ડિફરન્સ વેજિટેશન ઈન્ડેક્સ) જેવા સૂચકાંકોના આધારે પાકની સ્થિતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં ચોમાસાની પ્રગતિની સમીક્ષા કરતી વખતે ખરીફ ઋતુ દરમિયાન કૃષિ પ્રવૃત્તિઓ માટે સાનુકૂળ પરિસ્થિતિઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ ૯ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં રાજસ્થાન, હરિયાણા અને પંજાબના બાકીના ભાગોને આવરી લઈને સમગ્ર દેશમાં સંપૂર્ણ રીતે વ્યાપી ગયું હતું. સામાન્ય રીતે, ચોમાસુ ૮ જુલાઈ સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે, જ્યારે આ વર્ષે તેનો વિસ્તાર સામાન્ય તારીખના માત્ર એક દિવસ પછી પૂર્ણ થયો હતો.

ચોમાસાના દેશવ્યાપી વિસ્તાર સાથે, મોટાભાગના રાજ્યોમાં ખરીફ પાકની વાવણી માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ છે. ૧ જૂનથી ૧૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન દેશમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતાં ૨૩ ટકા ઓછો નોંધાયો હતો. આ સમયગાળા દરમિયાન સમગ્ર દેશમાં ૨૨૭ મીમી વરસાદ થયો હતો, જ્યારે સામાન્ય વરસાદ ૨૯૪.૨ મીમી છે. વરસાદમાં સૌથી વધુ અછત પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં હતી, જ્યાં ૫૪૦.૨ મીમીના સામાન્ય વરસાદ સામે ૩૪૮ મીમી વરસાદ થયો હતો, એટલે કે ૩૬ ટકાની અછત નોંધાઈ હતી. દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં ૨૬ ટકા, ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૧૯ ટકા અને મધ્ય ભારતમાં ૧૩ ટકાની અછત હતી. આ આંકડાઓના આધારે વરસાદની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ રાજ્યોના સહયોગથી યોગ્ય કૃષિ વ્યવસ્થાપન અને આકસ્મિક પગલાં સુનિશ્ચિત કરવામાં આવી રહ્યા છે. શ્રી ચૌહાણે વરસાદની સ્થિતિ પર સતત મોનિટરિંગ જાળવી રાખવા અને જરૂરિયાત મુજબ રાજ્યોના સંકલનથી યોગ્ય કૃષિ વ્યવસ્થાપન અને આકસ્મિક પગલાં સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. બેઠક દરમિયાન ખાતર, ખાસ કરીને યુરિયાની ઉપલબ્ધતા અને વિતરણ તેમજ બિયારણની ઉપલબ્ધતાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. માહિતી આપવામાં આવી હતી કે ખરીફ ૨૦૨૬ માટે ખાતર અને બિયારણની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી છે અને રાજ્યો સાથે નિયમિત સંકલન દ્વારા પુરવઠાનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય મંત્રીએ નિર્દેશ આપ્યો કે કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVKs) અને રાજ્ય સરકારો દ્વારા વાસ્તવિક સ્થિતિ અંગેની માહિતી મેળવવી જોઈએ. તેમણે કહ્યું કે ખેડૂતોને તેમની જરૂરિયાત મુજબ ખાતર મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ અને જો વિતરણ વ્યવસ્થામાં કોઈ અછત હોય તો તેનું ઝડપી નિવારણ કરવું જોઈએ. સમીક્ષા બેઠકના અંતે, શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ મંત્રાલયના બંને વિભાગોને નિર્દેશ આપ્યો હતો કે ખરીફ ઋતુ દરમિયાન કૃષિ પ્રવૃત્તિઓનું સતત મોનિટરિંગ રાજ્યો સાથેના સંકલન, વૈજ્ઞાનિક સલાહ, હવામાન આધારિત કૃષિ વ્યવસ્થાપન અને ખેડૂતો સુધી યોજનાઓના અસરકારક અમલીકરણ દ્વારા થવું જોઈએ. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને કૃષિ ઉત્પાદન વધારવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

# ‘હર ઘર તિરંગા’ અભિયાનની ઉજવણી માટે MY Bharat દ્વારા ‘નેશનલ ફ્લેગ ઓફ ઈન્ડિયા ક્વિઝ ૨૦૨૬’ શરૂ કરાઈ

## ક્વિઝ ૧૫ ઓગસ્ટ સુધી ખુલ્લી રહેશે; ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા યુવાનોને ભારતના સરહદી વિસ્તારોની મુલાકાત લેવાની તક મળશે




કમલમ્,

’હર ઘર તિરંગા’ અભિયાનની દેશવ્યાપી ઉજવણી અને ભારતના ૭૯મા સ્વતંત્રતા દિવસના ભાગરૂપે, યુવા બાબતોના વિભાગે ’માય ભારત’ દ્વારા માય ભારત પોર્ટલ પર ‘નેશનલ ફ્લેગ ઓફ ઈન્ડિયા ક્વિઝ ૨૦૨૬’ શરૂ કરી છે. આ ક્વિઝ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ સુધી ખુલ્લી રહેશે, જે દેશભરના યુવા નાગરિકોને રાષ્ટ્રધ્વજ અને તેના સ્થાયી મહત્વ વિશેની તેમની સમજને વધુ ગૂઢ બનાવવાની રસપ્રદ તક પૂરી પાડશે. આ પહેલ ગયા વર્ષે યોજાયેલી ’નેશનલ ફ્લેગ ક્વિઝ’ને મળેલા જબરદસ્ત પ્રતિસાદ પર આધારિત છે. આ આવૃત્તિ દ્વારા, માય ભારતનો દેશભક્તિ, બંધારણીય મૂલ્યો અને માય ભારત પ્લેટફોર્મ સાથે વધુ જોડાણને પ્રોત્સાહિત કરવાની સાથે યુવાનોમાં ભારતના રાષ્ટ્રધ્વજના ઈતિહાસ, ઉત્ક્રાંતિ, મહત્વ અને ગૌરવ વિશે જાગૃતિ ફેલાવવાનો ધ્યેય છે. આ ક્વિઝ માય ભારત પોર્ટલના તમામ નોંધાયેલા વપરાશકર્તાઓ માટે ખુલ્લી છે. તેમાં ૧૦ મિનિટમાં પૂર્ણ કરવાના ૨૦ બહુવિકલ્પ પ્રશ્નો (મલ્ટિપલ ચોઈસ ક્વેશ્ચન્સ) શામેલ છે અને ભાષિની (Bhashini) દ્વારા પોર્ટલ પર સપોર્ટેડ તમામ ભાષાઓમાં ઉપલબ્ધ છે. દરેક નોંધાયેલ વપરાશકર્તા એકવાર ક્વિઝનો પ્રયાસ કરી શકે છે. દરેક સાચા જવાબ માટે એક ગુણ છે, જેમાં કોઈ નકારાત્મક માર્કિંગ (નેગેટિવ માર્કિંગ) નથી. સહભાગીઓ રાષ્ટ્રધ્વજના વિકાસ અને ઈતિહાસ, તેના વિકાસ સાથે જોડાયેલા પ્રખ્યાત વ્યક્તિત્વોના યોગદાન, ત્રિરંગા સંબંધિત બંધારણીય જોગવાઈઓ, ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨, પ્રિવેન્શન ઓફ ઈન્સલ્ટ્સ ટુ નેશનલ ઓનર એક્ટ ૧૯૭૧ અને ભારતના રાષ્ટ્રીય પ્રતીકો સાથે સંબંધિત અન્ય મહત્વપૂર્ણ તથ્યો આવરી લેતા પ્રશ્નોના જવાબો આપશે. જ્યારે તમામ નોંધાયેલા વપરાશકર્તાઓ ભાગ લેવા અને ક્વિઝ સફળતાપૂર્વક પૂર્ણ કરવા પર ઈ-પ્રમાણપત્ર મેળવવા માટે પાત્ર છે, ત્યારે ૨૧-૨૯ વર્ષની વય જૂથના નોંધાયેલા વપરાશકર્તાઓ નિર્ધારિત શરતોની પરિપૂર્ણતાને આધિન વિજેતા તરીકે પસંદગી માટે પાત્ર બનશે. વિજેતાઓને સૌથી વધુ સ્કોર કરનારા પાત્ર સહભાગીઓમાંથી કમ્પ્યુટર આધારિત રેન્ડમાઈઝેશન પ્રક્રિયા દ્વારા પસંદ કરવામાં આવશે અને તેમને ભારતના સરહદી વિસ્તારો અથવા અન્ય યોગ્ય સ્થાનોની મુલાકાત લેવાની તક આપવામાં આવી શકે છે. ’નેશનલ ફ્લેગ ઓફ ઈન્ડિયા ક્વિઝ’ એ ડિજિટલ શિક્ષણને રાષ્ટ્ર-નિર્માણની પહેલો સાથે જોડીને યુવાનોમાં માહિતગાર અને સક્રિય નાગરિકત્વને પ્રેરણા આપવાના માય ભારતના સતત પ્રયાસોનો એક ભાગ છે. વિભાગે દેશભરના યુવાનોને મોટી સંખ્યામાં ભાગ લેવા અને આ અનોખી જ્ઞાન આધારિત પહેલ દ્વારા ત્રિરંગાની ભાવના ઉજવવાની અપીલ કરી છે.

# TCIMને મજબૂત કરવા માટે BRICS દેશોએ હાથ મિલાવ્યા, એક્સપર્ટ વર્કિંગ ગ્રુપ આકાર લઈ રહ્યું છે

**ડેલિગેટ્સે આયુષ ઝોન દ્વારા આયુષ, આયુષ આહાર, આરોગ્ય અને વેલનેસ પરામર્શ અને ભારતનો હર્બલ વારસો અનુભવ્યો**



કમલમ્,

ભારતે તેની BRICS 2026 ની અધ્યક્ષતાના ભાગરૂપે ૨૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ચંદીગઢ ખાતે ટ્રેડિશનલ, કોમ્પ્લિમેન્ટરી એન્ડ ઈન્ટિગ્રેટીવ મેડિસિન (TCIM) પરની BRICS બેઠકની સફળતાપૂર્વક યજમાની કરી હતી. આ બેઠક કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને આયુષ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે આયોજિત ચંદીગઢમાં BRICS હેલ્થ ટેક ઈવેન્ટ્સના વ્યાપક ચાર દિવસીય કાર્યક્રમનો એક ભાગ હતી. TCIM બેઠકમાં બહુભાષી સહયોગને મજબૂત કરવા, જ્ઞાન અને શ્રેષ્ઠપદ્ધતિઓના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા અને ટ્રેડિશનલ, કોમ્પ્લિમેન્ટરી એન્ડ ઈન્ટિગ્રેટીવ મેડિસિનના ક્ષેત્રમાં સહયોગને આગળ વધારવા માટે BRICS સભ્ય દેશોના વરિષ્ઠ સરકારી અધિકારીઓ, તકનીકી નિષ્ણાતો અને ડેલિગેટ્સ એકઠા થયા હતા. "બિલ્ડિંગ ફોર રિઝિલિયન્સ, ઈનોવેશન, કોઓપરેશન એન્ડ સ્ટેબિલિટી"ની સર્વોપરી BRICS ચેરશિપ થીમ હેઠળ આયોજિત આ બેઠકે પુરાવા-આધારિત પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા, સંસ્થાકીય ભાગીદારીને મજબૂત કરવા અને ટકાઉ તથા સ્થિતિસ્થાપક આરોગ્ય સંભાળ પ્રણાલીઓમાં યોગદાન આપવા માટે BRICS દેશો વચ્ચે સહયોગને આગળ વધાર્યો હતો. આ બેઠકમાં BRICS સભ્ય દેશો—બ્રાઝિલ, ચીન, ઈજિપ્ત, ઈથોપિયા, ભારત, ઈરાન, રશિયા, દક્ષિણ આફ્રિકા અને યુનાઈટેડ આરબ અમીરાતની ભાગીદારી જોવા મળી હતી, જેણે ટ્રેડિશનલ, કોમ્પ્લિમેન્ટરી એન્ડ ઈન્ટિગ્રેટીવ મેડિસિનમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ, નીતિગત અનુભવો અને વૈજ્ઞાનિક પ્રગતિના આદાનપ્રદાન માટે એક મંચ પૂરો પાડ્યો હતો. TCIM પરની સત્તાવાર કાર્યવાહી આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેચાના સ્વાગત પ્રવચન સાથે શરૂ થઈ હતી, ત્યારબાદ સભ્ય ડેલીગેશનો દ્વારા પ્રારંભિક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. TCIM પર સૂચિત BRICS એક્સપર્ટ વર્કિંગ ગ્રુપ માટે ટર્મ્સ ઓફ રેફરન્સ (ToR) તમામ ઉપલબ્ધ સભ્ય દેશોની સર્વસંમતિથી આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ બેઠકમાં સહયોગ મજબૂત કરવા, નીતિગત અભિગમોને સુસંગત બનાવવા અને BRICS દેશો વચ્ચે સહયોગના ભવિષ્યના ક્ષેત્રો ઓળખવા પર ઈન્ટરેક્ટિવ ચર્ચા પણ કરવામાં આવી હતી. "ક્ષમતા વર્ધન, શિક્ષણ અને માનવ સંસાધન વિકાસ" પર એક સમર્પિત સાઈડ ઈવેન્ટનું આયોજન પણ આયુષ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. આ સત્ર શૈક્ષણિક સહયોગ, આયુષ સ્કોલરશિપ પહેલ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓનું આદાન-પ્રદાન, સંશોધન ભાગીદારી અને વૈશ્વિક સ્તરે જોડાયેલ CIM ઈકોસિસ્ટમ બનાવવાના હેતુથી પુરાવા-ઉત્પાદન પ્રણાલીઓ દ્વારા પરંપરાગત ચિકિત્સામાં વૈશ્વિક શિક્ષણ અને તાલીમને મજબૂત કરવા પર કેન્દ્રિત હતું. ભારતની BRICS ચેરશિપ ૨૦૨૬ ના ભાગરૂપે, આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેચાએ આયુષ ઝોનનું ઉદ્ઘાટન પણ કર્યું હતું, જેમાં ભારતની સમગ્ર આરોગ્ય સંભાળ પહેલો દર્શાવવામાં આવી હતી. આયુષ ઝોને BRICS ડેલિગેટ્સને આયુષ આહાર, આરોગ્ય અને વેલનેસ પરામર્શ, ભારતનો હર્બલ વારસો, મંત્રાલયનો વિઝન અને વૈશ્વિક પહેલો, અને સંશોધન, નાવીન્ય અને જ્ઞાન પર એક સમર્પિત હબ દ્વારા આયુષનો સમૃદ્ધ અનુભવ પૂરો પાડ્યો હતો. વેલનેસ પ્રવૃત્તિઓ અને યોગ દર્શાવતા, આયુષ ઝોને ટ્રેડિશનલ, કોમ્પ્લિમેન્ટરી એન્ડ ઈન્ટિગ્રેટીવ મેડિસિનમાં આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવા માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરી હતી. TCIM ની વિચારણાઓએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેતૃત્વ હેઠળના વ્યાપક BRICS હેલ્થ ટેકમાં યોગદાન આપ્યું હતું અને BRICS દેશો વચ્ચે આરોગ્ય સંભાળ સહયોગને મજબૂત કરવા પર ચાલુ ચર્ચાઓને ટેકો આપ્યો હતો. ચાર દિવસીય કાર્યક્રમમાં ભારતની સમગ્ર આરોગ્ય સંભાળ પરંપરાઓને દર્શાવતી વેલનેસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની શ્રેણી પણ રજૂ કરવામાં આવી છે. ડેલિગેટ્સે ચેર યોગ સત્રોમાં ભાગ લીધો હતો, અને મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ યોગ (MDNIY) દ્વારા આયોજિત કોમન યોગ પ્રોટોકોલ (CYP) પ્રદર્શનો, બેઠકો દરમિયાન યોગ બ્રેક (Y-Break) સત્રો અને ફિટ ઈન્ડિયા રનમાં ભાગ લેશે. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદ (NIA) ની ટેકનિકલ સહાયથી ક્યુરેટ કરાયેલ આયુષ આહાર મેળા સાથે આયુષ ઝોને આરોગ્ય અને વેલનેસ પરામર્શ, સંશોધન અને નાવીન્ય પ્રદર્શનો, લાઈવ યોગ પ્રદર્શનો અને અન્ય વેલનેસ પ્રવૃત્તિઓ દ્વારા ભારતની પરંપરાગત આરોગ્ય સંભાળ ઈકોસિસ્ટમનું પ્રદર્શન કર્યું હતું, જે ડેલિગેટ્સને દેશની સમગ્ર આરોગ્ય સંભાળ પરંપરાઓનો વ્યાપક અનુભવ પૂરો પાડે છે. આ બેઠકે અનેક મહત્વપૂર્ણ પરિણામો આપ્યા છે, જેમાં ટ્રેડિશનલ, કોમ્પ્લિમેન્ટરી એન્ડ ઈન્ટિગ્રેટીવ મેડિસિન પર BRICS એક્સપર્ટ વર્કિંગ ગ્રુપની સ્થાપના તરફ પ્રગતિ; સંશોધન, શિક્ષણ અને નિયામક માળખામાં ઉન્નત સહયોગ; સભ્ય દેશો વચ્ચે સુધારેલું જ્ઞાન-આદાનપ્રદાન; અને BRICS આરોગ્ય એજન્ડામાં ટ્રેડિશનલ, કોમ્પ્લિમેન્ટરી એન્ડ ઈન્ટિગ્રેટીવ મેડિસિનની મજબૂત માન્યતાનો સમાવેશ થાય છે. BRICS TCIM બેઠકે પુરાવા-આધારિત પરંપરાગત ચિકિત્સાને પ્રોત્સાહન આપવા, આંતરરાષ્ટ્રીય ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને તમામ માટે સમગ્ર, સુલભ અને ટકાઉ આરોગ્ય સંભાળને આગળ વધારવા માટે ભારતની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરી છે.

# ગુલબાઈ ટેકરા પાસે ૯૦૦ મીમી ટ્રંક મેઈનનો વાલ્વ રહેશે બંધ, પાલડી વોર્ડના ચાર વોટર સ્ટેશનોમાં પાણીનો પુરવઠો ઘટશે


**૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ પાલડી વોર્ડના સ્કાઉટ ભવન, ફતેહપુરા, ગીતાબાગ અને એલિસબ્રિજ વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનોમાંથી ઉપલબ્ધ પાણીના જથ્થા મુજબ જ પાણીનું વિતરણ થશે**



કમલમ્,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોટર પ્રોજેક્ટ વિભાગ દ્વારા પશ્ચિમ ઝોનના પાલડી વોર્ડમાં પાણી પુરવઠો કરતી ૯૦૦ મીમી વ્યાસની એમ.એસ. ટ્રંક મેઈનમાં થયેલા લીકેજને તાત્કાલિક દૂર કરવા માટે આજે મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. ટ્રંક મેઈનમાં થયેલા લીકેજને કારણે મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થઈ રહ્યો હોવાથી પાણીના નુકસાનને અટકાવવા અને પુરવઠાની વ્યવસ્થાને સુચારુ રાખવા માટે આ કામગીરી તાકીદે શરૂ કરવામાં આવી છે. આ લીકેજ રીપેરીંગ કામગીરી માટે ગુલબાઈ ટેકરા ચાર રસ્તા પાસે આવેલી ૯૦૦ મીમી વ્યાસની ટ્રંક મેઈન લાઈનનો વાલ્વ કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવશે. તેના પરિણામે પાલડી વોર્ડના સ્કાઉટ ભવન, ફતેહપુરા, ગીતાબાગ અને એલિસબ્રિજ વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનોમાં પહોંચતા પાણીના જથ્થામાં ઘટાડો થશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ પાલડી વોર્ડના સ્કાઉટ ભવન, ફતેહપુરા, ગીતાબાગ અને એલિસબ્રિજ વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનોમાંથી ઉપલબ્ધ પાણીના જથ્થા મુજબ જ પાણીનું વિતરણ કરવામાં આવશે.

# IICAએ તેના ફ્લેગશિપ પોસ્ટગ્રેજ્યુએટ ઈન્સોલવન્સી પ્રોગ્રામ (PGIP 2026-28)ની આઠમી બેચનું ઉદ્ઘાટન કર્યું



કમલમ્,

ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય હેઠળની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA) એ તેના ફ્લેગશિપ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સોલવન્સી પ્રોગ્રામ (PGIP) ની આઠમી બેચ (૨૦૨૬–૨૮) નું ઉદ્ઘાટન કર્યું આ પ્રોગ્રામમાં વિવિધ વ્યાવસાયિક પૃષ્ઠભૂમિ ધરાવતા સહભાગીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમાં ઈન્સોલવન્સી ઈકોસિસ્ટમના વિશિષ્ટ સભ્યો, ફેકલ્ટીના સભ્યો, IICA ના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. ઉદ્ઘાટન સંબોધન આપતા, નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT) ના ભૂતપૂર્વ ચેરપર્સન અને ભારતના સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ અશોક ભૂષણે ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ (IBC), 2016 ની પરિવર્તનકારી અસર પર ભાર મૂક્યો હતો અને તેને ભારતના સૌથી મહત્વપૂર્ણ આર્થિક સુધારાઓમાંના એક તરીકે વર્ણવ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે કોડે વિભાજિત કાનૂની માળખાને વ્યાપક ઈન્સોલવન્સી વ્યવસ્થા સાથે બદલ્યું છે જે સાત વિધાયક સુધારાઓ અને અસંખ્ય નિયમનકારી સુધારાઓ દ્વારા વિકસિત થયું છે. જસ્ટિસ ભૂષણે સહભાગીઓને લેન્ડમાર્ક ચુકાદાઓનો અભ્યાસ કરવાની અને સતત કાનૂની સંશોધન કરવાની ટેવ વિકસાવવા પ્રોત્સાહિત કર્યા હતા, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ન્યાયિક દ્રષ્ટાંતો દરેક ઈન્સોલવન્સી પ્રોફેશનલ માટે અનિવાર્ય શીખવાના સાધનો છે. તેમના મુખ્ય પ્રવચનમાં, ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (IBBI) ના ચેરપર્સન શ્રી રવિ મિત્તલે સહભાગીઓને યાદ અપાવ્યું હતું કે આ પ્રોગ્રામનો હેતુ માત્ર રોજગારીની તકો ઊભી કરવાનો નથી પરંતુ જટિલ કોર્પોરેટ પુનર્ગઠન કાર્યોનું નેતૃત્વ કરવા માટે સક્ષમ ઈન્સોલવન્સી પ્રોફેશનલ્સ અને રિઝોલ્યુશન પ્રોફેશનલ્સ તૈયાર કરવાનો છે. તેમણે IBC હેઠળ નિર્ધારિત વૈધાનિક સમયમર્યાદાનું પાલન કરવા અને કાયદાની પવિત્રતા જાળવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. કોર્પોરેટ ઈન્સોલવન્સી અને ઈન્ડિવિઝ્યુઅલ ઈન્સોલવન્સી રિઝોલ્યુશન પ્રોસેસિસ (CIIRP) ના વધતા જતા મહત્વ વિશે સમજાવતાં, તેમણે સહભાગીઓને તેના વ્યવહારુ અમલીકરણને સમજવા અને અસરકારક ટર્નઅરાઉન્ડ પ્રોફેશનલ્સ તરીકે સંકટગ્રસ્ત સાહસોનું નેતૃત્વ કરવા માટે પોતાની જાતને તૈયાર કરવા પ્રોત્સાહિત કર્યા હતા. સહભાગીઓનું સ્વાગત કરતાં, IICA ના ડાયરેક્ટર જનરલ અને CEO શ્રી જ્ઞાનેશ્વર કુમાર સિંહે PGIP ને ઈન્સ્ટિટ્યુટની ફ્લેગશિપ ક્ષમતા-નિર્માણ પહેલ તરીકે વર્ણવી હતી જેણે ૨૦૧૯ માં તેની શરૂઆતથી ભારતની ઈન્સોલવન્સી ઈકોસિસ્ટમને વિકસાવવામાં અગ્રણી ભૂમિકા ભજવી છે. તેમણે પ્રોગ્રામમાં રજૂ કરાયેલા અસંખ્ય નાવીન્યો પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં સંશોધન, વિશ્લેષણાત્મક કૌશલ્યો, AI-સક્ષમ શિક્ષણ, ફાઈનાન્સિયલ મોડેલિંગ, સ્ટ્રક્ચર્ડ ફાઈનાન્સ અને એથિક્સ પર વધારેલા ફોકસનો સમાવેશ થાય છે. એથિક્સ એ ઈન્સોલવન્સી વ્યાવસાયનું સરનામું/પાયો છે તેના પર ભાર મૂકતાં, તેમણે સહભાગીઓને તેમના જ્ઞાનને સતત અપગ્રેડ કરવા અને તકનીકી પ્રગતિ પ્રત્યે પ્રતિભાવશીલ રહેવા પ્રોત્સાહિત કર્યા હતા જ્યારે એ પણ સ્વીકાર્યું હતું કે કોઈ ટેકનોલોજી ઈમાનદારી, સચોટ નિર્ણય અને સખત પરિશ્રમનો વિકલ્પ બની શકતી નથી. તેમણે સહભાગીઓમાં શૈક્ષણિક પૂછપરછની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સંશોધનમાં ઉત્કૃષ્ટતા માટે સંસ્થાકીય માન્યતાની પણ જાહેરાત કરી હતી. IICA ના સેન્ટર ફોર ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી (CIB) ના વડા શ્રી સુધાકર શુક્લાએ સહભાગીઓનું સ્વાગત કર્યું હતું અને પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સોલવન્સી પ્રોગ્રામ (PGIP) ની રૂપરેખા પૂરી પાડી હતી. તેમણે પ્રોગ્રામની શરૂઆતથી તેના વિકાસ અને નવી પેઢીના ઈન્સોલવન્સી પ્રોફેશનલ્સ વિકસાવવા માટે ભારતના અગ્રણી નિવાસી પ્રોગ્રામ તરીકે તેના ઉદ્ભવ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે પ્રોગ્રામના બહુવિધ વિષયોના અભ્યાસક્રમની રૂપરેખા આપી હતી, જે વિકસતા ઈન્સોલવન્સી અને પુનર્ગઠન પરિદ્રશ્ય માટે સહભાગીઓને તૈયાર કરવા કાયદો, ફાઈનાન્સ, મેનેજમેન્ટ, વેલ્યુએશન, ટેકનોલોજી અને વ્યવહારુ શિક્ષણને સંકલિત કરે છે. શ્રી શુક્લાએ સહભાગીઓને બે વર્ષના નિવાસી પ્રોગ્રામ દરમિયાન અપેક્ષિત પ્રોગ્રામ સ્ટ્રક્ચર, શૈક્ષણિક માળખું, ઈન્ડસ્ટ્રી ઈમર્શન, ઈન્ટર્નશિપની તકો, માર્ગદર્શન પહેલો અને વ્યાવસાયિક ઉત્કૃષ્ટતાના ઉચ્ચ ધોરણોથી પણ માહિતગાર કર્યા હતા. પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સોલવન્સી પ્રોગ્રામ (PGIP) એ ઈન્સોલવન્સી અને પુનર્ગઠન પ્રોફેશનલ્સનું અત્યંત કુશળ કેડર બનાવવા માટેનો IICA નો ફ્લેગશિપ બે વર્ષનો નિવાસી પ્રોગ્રામ છે. ઈન્સોલવન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (IBBI) અને અગ્રણી ઉદ્યોગ સ્ટેકહોલ્ડર્સ સાથે ઘનિષ્ઠ સહયોગમાં ડિઝાઈન કરાયેલ આ પ્રોગ્રામ વ્યવહારુ એક્સપોઝર, સંશોધન, ઈન્ટર્નશિપ અને ઉદ્યોગ જોડાણ સાથે ગહન શૈક્ષણિક શિક્ષણને જોડે છે. ૨૦૧૯માં તેની શરૂઆતથી, PGIP એ ઈન્સોલવન્સી શિક્ષણમાં એક બેંચમાર્ક સ્થાપિત કર્યો છે, એવા પ્રોફેશનલ્સ તૈયાર કર્યા છે જેઓ તેમની નિપુણતા, નૈતિક ધોરણો અને નેતૃત્વ દ્વારા ભારતની ઈન્સોલવન્સી અને પુનર્ગઠન ઈકોસિસ્ટમમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. ઉદ્ઘાટન કાર્યક્રમમાં IICA ના ફેકલ્ટીના સભ્યો, વરિષ્ઠ અધિકારીઓ અને વિશિષ્ટ અતિથિઓએ હાજરી આપી હતી. સત્તાવાર સત્રનો અંત IICA ના ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર કર્નલ અમનદીપ સિંહ પુરી દ્વારા આપવામાં આવેલા આભાર વિધિ સાથે થયો હતો, જેમાં તેમણે ઉપસ્થિતિ અને સમર્થન માટે મહાનુભાવો, ફેકલ્ટી સભ્યો અને સહભાગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમનો અંત આઠમી બેચના સહભાગીઓના પરિચય સાથે થયો હતો, જે બાદ એક ઈન્ટરેક્ટિવ સત્ર, ગ્રુપ ફોટોગ્રાફ્સ અને લંચ પર નેટવર્કિંગ યોજાયું હતું, જે IICA ના ફ્લેગશિપ ઈન્સોલવન્સી એજ્યુકેશન પ્રોગ્રામ હેઠળ વધુ એક સમૃદ્ધ શૈક્ષણિક પ્રવાસની શરૂઆત દર્શાવે છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028